........ તમામ શિક્ષણ નિરીક્ષક તરફ ......

સમયમર્યાદા/
તાત્કાલિક

જાનં./સક/ક/૨૦૨૪-૨૫/૧૫૦-૨૯
સમાજ કલ્યાણ શાખા,
સરદાર વલ્લભભાઈ પટેલ ભવન,
પાંચમા માળે,રાજમહેલ રોડ,
જિલ્લા પંચાયત,વડોદરા
તા.૧૯/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
વડોદરા જિલ્લો તમામ
...............................................
...............................................
વડોદરા

વિષય : અનુસુચિત જાતિના વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રની દરખાસ્તો મોકલવા બાબત. ( ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંક ધરાવતા)

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સવલતો પુરી પાડવામાં આવે છે તે પૈકી સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અને પરિપત્રો અન્વયે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. અને એચ.એસ.સી.પરીક્ષા પછીના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જાતિ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેતુ હોઈ વિદ્યાર્થીઓને ધોરણ ૮ થી જ જાતિ પ્રમાણપત્ર મળી રહે તે હેતુસર શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ શાળાઓ મારફત જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેની દરખાસ્તો મેળવવામાં આવે છે અને જિલ્લા કચેરી દ્વારા મેળવેલ દરખાસ્તની ચકાસણી કરી જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવે છે.

શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન જે વડોદરા જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારની આપની શાળામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ધો ૮ માં અભ્યાસ કરતા તેમજ ધો ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ ગુજરાતમાં અનુસુચિત જાતિનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેઓની દરખાસ્ત નીચે જણાવેલ જરૂરી આધાર પુરાવાઓ મેળવી આ સાથે સામેલ નમૂના મુજબના દરખાસ્ત પત્રક તથા અરજીમાં તૈયાર કરી અત્રે કચેરીને તા. ૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે. જેની નોંધ લેશો.

જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી સાધનિક કાગળો (તમામ ડોક્યુમેન્ટસની નકલ આચાર્યશ્રીએ પ્રમાણિત કરવી)

(૧) વિદ્યાર્થીનું પાસપોર્ટ ફોટા સાથેનું અસલ બોનાફાઈડ સર્ટીફિકેટ, (વિદ્યાર્થીનું પુરૂ નામ, જનરલ રજીસ્ટર, પેટા જાતિ, જન્મ તારીખ, જન્મ સ્થળ અને બોનોફાઈડ સર્ટીફિકેટનો જાવક નંબર અને તારીખ ફરજિયાત દર્શાવવાના રહેશે.)

(૨) વિદ્યાર્થીના પિતાનું શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ

(૩) વિદ્યાર્થીના બોનોફાઈડ સર્ટીફિકેટ કે તેના પિતાના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ ન થતી હોય તો દાદા, કાકા, ફોઈનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજુ કરવું કે જેમાં પેટાજાતિ સ્પષ્ટ થતી હોય.

(૪) અન્ય રાજ્યના વિદ્યાર્થીઓના કિસ્સામાં તા. ૦૧/૦૫/૧૯૬૦ પહેલાથી ગુજરાત રાજ્યના કાયમ વસવાટ અંગેના આધારો રજુ કરવાના રહેશે. (દા.ત.મહાર, ચાંભાર, પાસી વગેરે)

(૫) રહેઠાણના આધારો જેવા કે રેશનકાર્ડ, લાઈટબીલ, વેરાપાવતી.

(૬) ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડ

BOZ

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, વડોદરા

નકલ સવિનય રવાના:

(૧) માન. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જરૂરી જાણ અર્થે

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અનાવિલ ભવન, કારેલીબાગ, વડોદરા તરફ સબંધિતોને કાર્યવાહી કરવા સંદર્ભે જરૂરી સૂચનાઓ આપવા સારૂ

૨/- આપની સત્તાવાર વેબસાઈટ પર સદર પરિપત્ર મુકવા તથા આપના તરફથી સંબંધિતોને કાર્યવાહી કરવા જરૂરી સૂચનાઓ આપવા સારૂ.

જા. ૪૨૮૬/2024-
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
કારેલીબાગ, વડોદરા.
તા.16/07/2024

પ્રતિ
આચાર્યશ્રી તમામ
વડોદરા

ઉપરોક્ત બાબતે દરખાસ્તની કાર્યવાહી કરવા જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

# માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા

## અનુસુચિત જાતિના પ્રમાણપત્રો મેળવવા અંગેની દરખાસ્તનું પત્રક.

શાળાનું નામ તથા નંબર:-

સ્થળ :...................... તાલુકો :...................... જિલ્લો :...................... ટે.નં (કોડ નંબર સહિત)...................... મોબાઇલ નંબર :......................

| અ.નં | વિદ્યાર્થીનું પુરૂનામ અને સરનામું | ટે.નં (કોડ નંબર સહિત) | મોબાઇલ નંબર | જે તે વિદ્યાર્થીનો શાળાનો જનરલ રજીસ્ટર નંબર | શાળાના જનરલ રજીસ્ટર નંબર મુજબ જાતિ/પેટાજાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

નોંધ:- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાતરી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.

તારીખ :-....................

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ અને સહી/-

આચાર્યશ્રીનું નામ સહી/-

સિક્કા સાથે

બોનાફાઈડ સર્ટીફીકેટનો નમુનો

ફોટો

## બોનાફાઈડ સર્ટીફીકેટ

શાળાનો
રાઉન્ડ સીલ

પ્રમાણપત્ર / જાવક નં :

તારીખ :

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી / કુ.............................................................
સદર શાળામાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫ દરમ્યાન ધોરણ........................માં અભ્યાસ કરે છે, શાળાનાં જનરલ રજીસ્ટર મુજબ તેની અન્ય વિગત નીચે મુજબ છે.

૧. જનરલ રજીસ્ટર નંબર :

૨. પિતાનું પુરૂ નામ :

૩. જાતિ (પેટા જાતિ સહિત) :

૪. જન્મ તારીખ :

૫. જન્મ સ્થળ :

૬. શાળામાં દાખલ તારીખ :

૭. સદર શાળા અગાઉની શાળાનું નામ :

આચાર્યશ્રીના સહી / સીક્કા

(મુ.૬.)-[illegible]-૨૬-૨૦૨૩

| |
|---|
| ઈનવર્ડ નં. |
| તા. |

વિના મૂલ્યે

| |
|---|
| તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટો |

## અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

અરજદારનું નામ :

તેના પિતાનું નામ :

પત્ર વ્યવહારનું પૂરું સરનામું :

ટેલીફોન નં. :

તારીખ :

પ્રતિ,

**જિ[illegible] કલ્યાણ અધિકારીશ્રી,**
**[illegible], [illegible]દરા.**

વિષય :- જાતિ પ્રમાણપત્ર મેળવવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય સાથે જણાવવાનું કે, મારે ધી કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલકાસ્ટ) ઓર્ડર ૧૯૫૦ માં ગુજરાત રાજ્યના
રિશિષ્ટમાં દર્શાવેલ જાતિઓ પૈકી ______________________________
ાતિ માટેનું "જાતિ પ્રમાણપત્ર" રાજ્ય સરકારશ્રીના આ જાતિઓ માટેની અનામત જગ્યામાં, સરકારી યોજનાના
ભો / રાજ્ય સરકારશ્રી નોકરીમાં નિમણુંક / ઉચ્ચ શિક્ષણ / વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં સરકારી ફી સ્વનિર્ભર
ાળી જગ્યાઓમાં પ્રવેશ વગેરેના લાભ લેવાના હેતુ માટે જરૂર હોઈ, મારી અરજીમાં જણાવેલ હકીકત તથા
ે રજૂ કરેલ દાર્શનિક આધાર પુરાવા, જાતિ પ્રસ્થાપિત કરતા સાચા સહજ આધારો વગેરે રાજ્ય સરકારશ્રીના વખતો
તના ઠરાવો, પરિપત્રો તથા પ્રવર્તમાન નીતિને આધિન રહી, ઉંડાણપૂર્વકની પુરતી ચકાસણી કરી, મારી જાતિ/પેટા જાતિ
______________________________ પ્રસ્થાપિત થતી હોય તો મને જાતિ
ાપત્ર આપવા વિનંતી છે.

...ની હકીકત નીચે મુજબ છે.

૧. અરજદારનું પૂરૂં નામ અને સરનામું :

૨. અરજદારના પિતાનું પૂરૂં નામ :

૩. અરજદારના માતાનું નામ :

૪. કાયમી વતનનું સરનામું :

૫. અરજદારના પિતા/વાલી/પતિનો વ્યવસાય :

અરજદારના માતાનો વ્યવસાય :

૬. પિતાનું મૂળ વતન : ગામ : ________ તાલુકો : ________ જિલ્લો : ________

રાજ્ય : ________

૭. અરજદારની જાતિ/પેટા જાતિ :

૮. અરજદાર પાળતા હોય તે ધર્મ :

૯. મૂળ વતનનું રાજ્ય :

૧૦. ગુજરાતમાં વસવાટની વિગતો :

(ક્યારથી વસવાટ કરો છો તેની વિગત)

૧૧. આ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ :

(૧) ધો. ૧૦ પછી ધો. ૧૧ માં અનુસૂચિત જાતિ તરીકેની અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૨) ધો. ૧૨ પછીના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમમાં અનુ. જાતિઓ માટે અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૩) રાજ્ય સરકારશ્રીની / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનુ. જાતિ માટેની અનામત સીટ પર સરકારી નોકરી મેળવવા.

(૪) લોકસભા/વિધાનસભા/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની વૈધાનિક ચૂંટણીઓમાં અનુ. જાતિ માટેની અનામત સીટ ઉપર ઉમેદવારી ભરવા માટે.

(૫) અન્ય ________

૧૨. આ અગાઉ કોઈપણ સક્ષમ અધિકારી પાસે જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી હતી ? જો હા, તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે ? જો ના આપેલ હોય તો તેના પ્રત્યુત્તરની નકલ અને વિગત.

૧૩. ધો. ૧૦ કે ધો. ૧૨ ની પરીક્ષા પછી પ્રમાણપત્ર મેળવેલ હતું ? તો તેની વિગત.

૧૪. ધો. ૧ માં દાખલ થયેલા હતા, તે પ્રાથમિક શાળાનું નામ : ________

________ અને તે

શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં જણાવેલ જાતિ/પેટા જાતિ ________ ધો. ૮ માં

પ્રવેશ લીધેલ હાઈસ્કૂલનું નામ ________ અને

તેના જનરલ રજીસ્ટરમાં જાતિ/પેટા જાતિ ________ છે. ધો. ૧૧ માં પ્રવેશ લીધેલ

ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું નામ ________

અને તેના શાળા રજીસ્ટર/વયપત્રક રજીસ્ટરમાં જાતિની નોંધમાં ________ બતાવેલ છે.

૧૫. અરજદારના પિતા/માતા/પતિની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી.

૧ પિતાનું નામ :

ઉંમર :

અભ્યાસ :

છેલ્લી પ્રાથમિક શાળા/માધ્યમિક શાળાનું નામ સરનામું :

શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં લખાયેલ જાતિ/પેટા જાતિ :

૨. માતાનું નામ :

ઉંમર :

અભ્યાસ :

છેલ્લી પ્રાથમિક શાળા/માધ્યમિક શાળાનું નામ સરનામું :

શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં લખાયેલ જાતિ/પેટા જાતિ :

૧૬. અરજદારના કુટુંબના નીચેના સભ્યોને આ જાતિના પ્રમાણપત્ર મળેલા છે.

| ક્રમ | નામ | સંબંધ | પ્રમાણપત્ર આપનાર કચેરી તથા પ્રમાણપત્રના નંબર/તારીખ | પ્રમાણપત્ર આપનાર અધિકારીનું નામ અને હોદ્દો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

૧૭. જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા.

૧. અરજદારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પિતાનુ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
રજુ ના કરી શકે તેવા કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, કાકા, ફોઈ પૈકી કોઈ એકની જાતિ પુરવાર થાય તેવા દસ્તાવેજ માંગી શકશે.

૨. વિવાદાસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે તા. ૧૦-૮-૧૯૫૦ પહેલાનાં તા. ૧-૫-૧૯૬૦ પહેલા આધારભુત પુરાવા રજુ કરવાના રહેશે.

૩. અન્ય રાજ્યમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા. ૧૦-૮-૧૯૫૦ અને તા. ૧-૫-૧૯૬૦ પહેલાના ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજુ કરવાના રહેશે.

૪. સરનામા/રહેઠાણનાં આધાર માટે-રેશનકાર્ડ/આધારકાર્ડ/ચુંટણીકાર્ડની નકલ.

ખાસ નોંધ :

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઈઝનાં બે ફોટા રજુ કરવાના રહેશે.

૧૮. અરજદાર કે તેના કુટુંબનું જાતિ પ્રમાણપત્ર ક્યારેય રદ થયું હોય તો તેની વિગતો.

૧૯. અરજદાર કે તેના પિતાના શાળાનાં રેકર્ડમાં સુધારો કર્યો હોય તો તેની વિગતો.

## બાંહેધરી

આથી હું શ્રી ——————————————————————————————————

મારા પિતા/પતિ/માતાશ્રી ——————————————————————————— અરજદાર, અને

——————————————————————————————— બાંહેધરી આપીએ

છીએ કે અમોએ અનુ. જાતિઓ માટેની અનામત નીતિ મુજબ સરકારી [illegible] અન્ય શૈક્ષણિક પ્રવેશની અનામતનો/આર્થિક લાભ લેવા માટે, આ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી છે, આ અરજીમાં જણાવેલ હકીકત તથા જાતિના, રહેઠાણના સમર્થનમાં રજૂ કરેલા દાર્શનિક પુરાવા તેના મુળ રેકર્ડમાં સાચા ન જણાય કે, અમે જણાવેલ હકીકતને પણ ઉંડાણથી થતી તપાસમાં સમર્થન ન મળે અને અમે માત્ર અનામતનો લાભ લેવા માટે બદઈરાદાથી આ હકીકત કે આધાર ઉભા કર્યાનું પ્રસ્થાપિત થાય તો રાજ્ય સરકારશ્રી આ પ્રમાણપત્ર રદ કરી મેં મેળવેલ લાભો પરત કરવા ઉપરાંત ફોજદારી ધારા હેઠળ અમારી સામે કાર્યવાહી થાય કરી શકાશે. સાથો સાથ પ્રમાણપત્ર મેળવ્યા, પછી પણ ઉંડાણથી તપાસથી કે અન્ય જાણકારીથી અમારી હકીકત તથા આધાર પુરાવા નાપાસ, ખોટા કે અનામતનો લાભ લેવા માટે ઉભા કયા હોવાનું ફેરફાર કરવામાં હોવાનું પુરવાર થાય તો, પ્રમાણપત્રના આધારે મેળવેલ લાભો, રાજ્ય સરકારશ્રી પરત લઈ લે, અને જે શિક્ષાત્મક પગલા લેશે, તે ભોગવવા અમો આ બાંહેધરી આપીએ છીએ, અને તમામ સૂચનાઓ વાંચી આ પ્રમાણપત્ર મેળવવા સમજી વિચારીને અરજી કરીએ છીએ.

તારીખ ———————— -

અરજદારની પુરી સહી ——————————

(પુરૂં નામ : —————————————— )

પિતા/માતા/વાલીની પુરી સહી : ——————————

---

(જ્યાં લાગુ ન પડે તે ચેકી નાખવું)

(કાર્યાલયના ઉપયોગ માટે)

૧. પ્રમાણપત્રમાં અરજદારનું પૂરૂં નામ :

૨. જાતિ/પેટા જાતિ :

૩. પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તો નંબર/તારીખ :

૪. પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હોય તો કારણ ટૂંકમાં તથા જવાબના નંબર/તારીખ :

૫. અન્ય :

કામ કરતા કર્મચારીનું નામ, સહી અને હોદો

તારીખ : ————————

સક્ષમ અધિકારીશ્રીનું નામ, સહી અને હોદો

## પહોંચ

તમારી તા. ———————— ની ———————— જાતિ પ્રમાણપત્ર મળવાની અરજી કુલ આધારના કાગળો સાથે મળી છે. આ અરજી પર પ્રમાણપત્ર મળવાપાત્ર હશે, તો દિન-૭માં પ્રમાણપત્ર આપવામાં આવશે. અન્યથા દિન-૩૦થી અરજીનો જવાબ પાઠવવામાં આવશે. આ અંગે કોઈપણ રજૂઆત કરવા માંગતા હો તો તમે જાતે જ લખીને કે રૂબરૂમાં કરી શકો છો.

સક્ષમ અધિકારીશ્રીનું નામ, સહી અને હોદો